# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક એકમો માટે વિવિધ યોજનાઓ માટે મંજુર થયેલ સહાયોની ગ્રાન્ટ સમયસર તેમના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરવા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ને રજુઆત..

કોવિદ-૧૯ ની મહામારી સામે લાગુ કરાયેલ લોકડાઉનની વેપાર-ઉદ્યોગકારો ઉપર વિપરીત અસર પડેલ છે અને હાલ મૃતપાય હાલત બની ગયેલ છે અને ઉદ્યોગ જગતમાં હજુ લેવલ આવતા ઘણો સમય પસાર થઈ જશે. ગુજરાત રાજયમાં રાજકોટ શહેરને ઔદ્યોગીકક્ષેત્રે હબ માનવામાં આવે છે. રાજય સરકાર દ્વારા વેપાર-ઉદ્યોગકારોને ઉજાગર કરવા ઘણી તાત્કાલીક સહાયો અને યોજનાઓ અમલમાં લીધેલ છે જે આવકારદાયક છે.

(૧) તાજેતરમાં સરકારશ્રીની MSME કમિશ્નરની કચેરી દ્વારા તા.૨૩-૬-૨૦૨૦ ના રોજ જે એકમો ઔદ્યોગીક નીતી-૨૦૧૫ હેઠળ સંકળાયેલ છે તેઓને જ વ્યાજ સહાય મળવાપાત્ર છે. તેમજ આ નીતી અંતર્ગત અન્ય જીલ્લાઓને પુરે-પુરી સહાયની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. અને રાજકોટ જીલ્લાને આશરે ૮૫ કરોડ જેટલી સહાયની ગ્રાન્ટની જરૂરીયાત હોય તેની સામે માત્ર ૪૩ કરોડની જ સહાયની ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

(૨) સરકારશ્રીની MDA (માર્કેટીંગ ડેવલોપમેન્ટ આસીસટન્ટ) સ્કીમની સહાય અગાઉ મંજુર થયેલ છે. રાજકોટ જીલ્લા માટે આશરે ૨.૫ કરોડ જેટલી સહાયની જરૂરીયાત છે. તેની સામે છેલ્લી ગ્રાન્ટ ઓકટોબર-૨૦૧૯માં મળેલ અને તેમાં પણ આશરે ૧ કરોડની સામે માત્ર ૧૫ લાખ આસપાસ જ ગ્રાન્ટની સહાય મળેલ છે.

(૩) સરકારશ્રીની ઔદ્યોગીક નીતી-૨૦૦૯ ની સહાય પણ અગાઉ મંજુર થયેલ છે. અને તે છેલ્લે ડિસેમ્બર-૨૦૧૯માં મળેલ છે ત્યારબાદ આ નીતી અંતર્ગત એકપણ સહાય મળેલ નથી.

આમ રાજકોટ જીલ્લાના ઔદ્યોગીક એકમો માટે વિવિધ યોજનાઓ માટે મંજુર થયેલ સહાયોની ગ્રાન્ટ સમયસર તેમના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરવામાં આવેલ છે.